

ધી સાલ્વેશન આર્મી ૧૧૫ વર્ષથી વૈદકીય સેવામાં કાર્યરત એમરી હોસ્પિટલ આણંદ દ્વારા મફત સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હોસ્પિટલના એડમીનીસ્ટ્રેટર કેપ્ટન એન્ડુઝ ક્રિશ્ચિયને દીપ પ્રાગટ્ય કરી કેમ્પને ખુલ્લો મુક્યો હતો. ત્યારબાદ કેમ્પમાં ડૉ. પ્રિતીબેન પટેલ, ડૉ. વિરેન શાહ, ડૉ. ભાવિન રૂપેરા, ડૉ. કિરણ પટેલ, ડૉ. રશ્મીન સેસિલ, ડૉ. મનીષ પંચાલ, ડૉ. જયેશ શાહ, ડૉ. ધારા પટેલ, ડૉ. ગુણવંત માયાવંશી, ડૉ. વિવેક દોશી, ડૉ. ઉત્સવ ઠક્કર, ડૉ. મયુર ત્રિવેદી તેમજ અન્ય ડૉક્ટરોએ પોતાનું યોગદાન આપ્યું હતું. આ કેમ્પનો વિવિધ રોગના ૨૦૦ દર્દીઓનએ લાભ લીધો હતો. (તસવીર : ભરત કપૂર, આણંદ.)

# રાષ્ટ્રીય અંધજન મંડળ વિદ્યાનગર ખાતે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

આણંદ, તા.૧૫

મહિમા એકેડમીના ડિરેક્ટર કિરણભાઈ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૭ મી જન્મ જયંતિ નિમિત્તે રાષ્ટ્રીય અંધજન મંડળ વિદ્યાનગર ખાતે બાબાસાહેબની જીવન શૈલી વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ યોજાયેલ સ્પર્ધામાં પ્રથમ સ્થાને કાજલ બેગ, દ્વિતીય સ્થાને દિપકભાઈ અને તૃતિય સ્થાને પરેશભાઈ વિજેતા બન્યા હતા. વિજેતા સ્પર્ધકોને પુરસ્કાર આપી નવાજવામાં આવ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ ભજનો અને મધુર ગીતો રજૂ કર્યા હતા.

આ પ્રસંગે મંત્રી સુધાબેન



પટેલ, રાધાબેન પટેલ (ટ્રસ્ટી), આરતીબેન તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

૦ ૦ ૦ ૦ ૦ ૦

# એમરી હોસ્પિટલમા નિઃશુલ્ક રોગ નિદાન કેમ્પ યોજાયો

આણંદ, તા.૧૫

ધી સાલ્વેશન આર્મી એમરી હોસ્પિટલ દ્વારા તા.૧૪ એપ્રિલ ૨૦૧૮ ના દિવસે મફત સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. હોસ્પિટલ એડમિનિસ્ટ્રેટર કેપ્ટન એન્ડુઝ ડી. ક્રિશ્ચિયને જણાવ્યું કે આ કેમ્પ દ્વારા ઘણા જરૂરીયાતમંદ લોકોને મફત નિદાન અને રાહત દરે સારવાર મળી. કેમ્પની શરૂઆત મેજર સેમ્યુઅલ પરમાર ડીસીના પ્રાસંગિક શબ્દો અને મેજર અરવીંદ પરમારની પ્રાર્થના દ્વારા કરવામાં આવી. હોસ્પિટલ સ્ટાફ દ્વારા દીપ પ્રગટાવી કેમ્પ શરૂ કરવામાં આવ્યો.

ડૉ. પ્રિતીબેન પટેલ, ડૉ. વિરેન શાહ, ડૉ. વિવેક દોશી, ડૉ. પ્રીતેજ મેકવાન, ડૉ. ભાવિન રૂપેરા, ડૉ. કિરણ પટેલ, ડૉ. રશ્મીન સેસિલ, ડૉ. જયેશ શાહ, ડૉ. નિમેષ પંચાલ, ડૉ. ગુણવંત માયાવંશી, ડૉ. જયનમ શાહ, ડૉ. ધારા પટેલ, ડૉ. ઉત્સવ ઠક્કર, ડૉ. મયુર ત્રિવેદી તથા આંખના રોગ માટે શંકરા આઈ હોસ્પિટલની ટીમે કેમ્પમાં પોતાની સેવા આપી હતી. દર્દીઓને રાહત દરે લેબ ટેસ્ટ, એક્સ રે, ઈ સી જી તેમજ દવાઓ આપવામાં આવી હતી. કેમ્પના દર્દીઓ માટે સ્ટીવનભાઈ તરફથી ચા ની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી. આ કેમ્પનો લાભ ૨૦૦ કરતાં વધુ લોકોએ લીધો હતો. કેમ્પને સફળ બનાવવામાં હોસ્પિટલ એડનિનિસ્ટ્રેટર કેપ્ટન એન્ડુઝ ડી. ક્રિશ્ચિયન, મેટ્રન વંદનાબેન, કેપ્ટન સુનીતાબેન, મેજર પ્રકાશ, મેજર સોનલબેન, હોસ્પિટલ સ્ટાફ તથા આણંદ ડિવિઝનના અમલદાર અને સ્વયંસેવક તરીકે સેવા આપનાર જુવાનોએ જહેમત ઉઠાવી હતી.

# જાગૃતિ મહિલા સમાજ આણંદ દ્વારા લોકગીત સ્પર્ધા યોજાઈ

આણંદ, તા.૧૫

જાગૃતિ મહિલા સમાજ આણંદના ઉપક્રમે આદ્યસ્થાપક કુસુમબેન એડનવાલા અને પ્રમુખ ભારતીબેન જે પટેલના માર્ગદર્શન હેઠળ લોકગીત સ્પર્ધા યોજાઈ હતી.

જેમાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સ્થાને ઈન્દુબેન વાઘેલા, દ્વિતીય સ્થાને અનામિકા શાહ, તૃતીય સ્થાને હંસાબેન ધ્રુવ, ચતુર્થ સ્થાને પરાગિની પટેલ તથા પાંચમા સ્થાને જ્યોતિબેન માણેક વિજેતા બન્યા હતા. વિજેતાઓને કારોબારી સભ્ય દ્વારા ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ગો. જો. શારદા મંદિર વિદ્યાનગરના નિવૃત્ત આચાર્યા વિમળાબેન એમ. પટેલે સેવા આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉપપ્રમુખ સરોજબેન શાહે કર્યુ હતું.

# ગરમીના પ્રકોપથી આણંદ તાલુકાના ગામોમાં બપોરે કરફ્યુની સ્થિતી

આણંદ, તા.૧૫

આણંદ તાલુકાના પ્રગતિશીલ મોટા ગામોમાં ગરમીનો પ્રકોપ વધવાથી બપોર ૧૨ થી ૪ દરમિયાન રસ્તાઓ સુમસાન થઈ ગયેલા જોવા મળી રહ્યા છે. સખત પડી રહેલી ગરમીના કારણે લોકો ઘર કે ઓફિસ અન્ય કામ માટે બહાર જવાનું ટાળી રહ્યા છે.

સૂર્ય દેવના પ્રકોપથી બસ મથકો સુમસાન બને છે, રીક્ષાચાલકો ગ્રાહકોના અભાવે માખીઓ મારે છે, બેકારી અનુભવે છે, અનાજ કરીયાણાના બજારોમાં સુમસાન શાંતિ જોવા મળે છે, લારી ગલ્લા, પાન બીડી ચોકલેટ, ખાણી પીણીના સ્થાનો એકદમ શાંત, જુદી જુદી વસ્તુઓના વેચાણ કરતા ફેરીયાઓ ઠંડા પાણી, શરબત કે અન્ય ઠંડા પીણાની દુકાનોએ વિરામ કરતા જોવા મળે છે.

આ ઉપરાંત ગરમીના કારણે નાના બાળકો પણ પોળ ગલી ફળિયા બહાર ફરતા નથી. વૃધ્ધો અશકતોને ફરજીયાત ઘરમાં નજરકેદ રહેવું પડે છે. આ મુજબની પરિસ્થિતિ એપ્રિલ, મે, જુન ત્રણ માસ યથાવત રહેતાં ધંધા વ્યવસ્થાપક બેકારી પ્રવર્તે છે.

સારસા, ખંભોળજ, ઓડ, કુંજરાવ, બેડવા, ચિખોદરા, ધાળી, ખાનપુર, ભરોડા, રાસનોલ, ત્રણોલ, ભાલેજ ગામોની અને પંથકના ગામોમાં અસર જોવા મળે છે.

# વસોમાં બાળતુલા દિવસ અંતર્ગત પોષણ અભિયાન યોજાયું



(તસવીર : ઘનશ્યામ કાછીયા, વસો.)

આણંદ, તા.૧૫

વસો બાળતુલા દિવસ પોષણ અભિયાન અંતર્ગત જન આંદોલન આયોજીત બાળકોનું સામુહિક વજન અને ગ્રામસભા દ્વારા જનજાગુતિના કાર્યક્રમનું આયોજન વૃંદાવન આંગણવાડીમાં કરવામાં આવ્યું હતું.

જેમાં સગર્ભા બહેનો તથા બાળકોનું વજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શિવાંગી ભટ્ટે સગર્ભા બહેનોને બાળકના પોષણ માટે ધ્યાન આપવું જોઈએ અને ઉંમર પ્રમાણે પોષણ આપવું જોઈએ તે અંગે માહિતી આપી હતી.

આ પ્રસંગે ગાંધીનગરના અધિકારી શિવાંગી ભટ્ટ ઈનાબેન જોષી, મીનાક્ષીબેન સુપરવાઈઝર, સંગીતાબેન રૂચીબેન, વસો સરપંચ લીલાબેન પટેલ, વસો પંચાયતના સભ્ય ભાનુબેન જી. કાછીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા અંતમાં આભારવિધી જૈમીનીબેન જી. કાછીયાએ કરી હતી.

# ધર્મજ એન્જિનિરીંગ કોલેજમાં ટેકનીકલ પ્રદર્શન યોજાયું



આણંદ, તા.૧૫

ઈપ્કોવાલા ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી ધર્મજ દ્વારા કોલેજના પ્રાંગણમાં તાજેતરમાં પ્રોજેક્ટ પ્રદર્શન યોજાયું હતો.

જેમાં કોલેજના વિવિધ ક્ષેત્રો જેવા કે કમ્પ્યુટર, ઈલેક્ટ્રીકલ, મિકેનિકલ સિવિલ ઓટોમોબાઈલ જેવી બ્રાન્ચના ડીપ્લોમાં તેમજ ડીગ્રી એન્જીનિયંરીગના કુલ ૨૯૩ વિદ્યાર્થીઓએ ભાગ લઈ ૮૪ વિવિધ હેતુલક્ષી પ્રોજેક્ટ રજુ કર્યા હતા. જેમાંથી સારા અને સમાજને ઉપયોગી પ્રોજેક્ટોને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## શિકરા ગામ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો

# બસ અને ટ્રેકટર વચ્ચે ગંભીર અકસ્માત : ૧૦ના કરૂણ મોત

અમદાવાદ,તા.૧૫

ભચાઉ નજીકના શિકરા ગામ પાસે ટ્રેક્ટર અને લકઝરી બસ વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોસાળપક્ષથી મામેરા માટે જઈ રહેલા મામેરિયાપક્ષના દસ વ્યકિતઓના કરૂણ મોત નીપજયા હતા. અકસ્માતમાં માર્યા ગયેલા લોકો વાગડના લેવા પાટીદાર સમાજના હતા, જેને પગલે સમગ્ર સમાજમાં શોકનો માતમ છવાઈ ગયો હતો તો,

બીજીબાજુ, સમગ્ર પંથકમાં અકસ્માતને પગલે ભારે અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. અકસ્માતના આ બનાવની વિગત એવી છે કે, અખાત્રીજના દિવસે વાગડ લેવા પાટીદાર સમાજના સમૂહલગ્ન રખાયા હતા અને તેના ભાગરૂપે લગ્નપ્રસંગમાં મોસાળપક્ષથી મામેરું લઈ મામેરિયાઓને લઈ ટ્રોલી સાથેનું ટ્રેક્ટર નીકળ્યું હતું, ત્યારે વહેલી સવારે શિકરા ગામ પાસે પૂરપાટઝડપે આવેલી એક લકઝરીબસના ચાલકે ગફલતભરી રીતે પોતાનું વાહન હંકારી ટ્રેક્ટરને જોરદાર ટક્કર મારી હતી, જેને પગલે ટ્રેક્ટર ફંગોળાઈ ગયું હતુ અને ટ્રોલી જબરદસ્ત રીતે ઉંધી વળી ગઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ઘટનાસ્થળે જ દસ લોકોના કરૂણ મોત નીપજયા હતા. અકસ્માતની જાણ થતાં ભચાઉથી વિવિધ સંગઠનોના કાર્યકર્તા પણ ઘટનાસ્થળે દોડી ગયા હતા. પરંતુ અકસ્માત એટલો ગંભીર હતો કે લોકો કશું સમજે તે પહેલા ન થવાનું થઈ ગયું અને અકસ્માત બાદ રસ્તા પર લોકો જોરદાર રીતે કણસતા રહ્યા અને આખરે મોતને ભેટ્યા હતા. તો, ઘાયલોને બચાવવા અને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવા ૧૦૮ને બોલાવાઈ હતી.

શિકરા ગામ ખાતે સર્જાયેલા અકસ્માતને પગલે સમગ્ર વાગડ લેવા પાટીદાર સમાજમાં શોકનો માતમ છવાઈ ગયો છે તો, બીજબાજુ, સમગ્ર પંથકમાં ભારે અરેરાટીની લાગણી ફેલાઈ હતી. ૧૦થી વધુ ઈજાગ્રસ્તોને હાલ ભચાઉની સિવિલ હોસ્પિટલ તેમજ અન્ય ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જયાં કેટલાકની હાલત ગંભીર મનાઈ રહી છે, તેને લઈ મૃત્યુ આંક વધવાની પણ આશંકા સેવાઈ રહી છે.

આ ગમખ્વાર અકસ્માતને પગલે સમગ્ર લગ્નપ્રસંગ શોકના માતમમાં ફેરવાઈ ગયો હતો.

# સગીરાને વેચી દેવાના કાંડનો પર્દાફાશ : ચારની અટકાયત

અમદાવાદ,તા. ૧૫

શહેરના સરદારનગર વિસ્તારમાંથી ગુમ થયેલી એક સગીરાને પોલીસે સહીસલામત રીતે મુકત કરાવતાં સગીરાને વેચી મારવાના ચોંકાવનારા કૌભાંડનો પર્દાફાશ થયો હતો. સરદારનગર પોલીસે આ સમગ્ર કૌભાંડમાં બે મહિલા સહિત ચાર આરોપીઓની ધરપકડ કરી છે અને સમગ્ર પ્રકરણમાં વધુ તપાસ હાથ ધરી છે. આ અંગેની વિગત એવી છે કે, સરદારનગર વિસ્તારમાંથી એકાદ વર્ષ પહેલાં એક સગીરાને મીના લુહાર અને અન્ય એક મહિલા વસ્તુ અપાવવાની લાલચ આપી અપહરણ કરી લઈ ગઈ હતી. પૈસાની લાલચમાં આ નિર્દોષ સગીરાને જોધપુરમાં એક શખ્સને વેચી મારવામાં આવી હતી અને તેની સાથે બળજબરીપૂર્વક લગ્ન કરાવી દેવામાં આવ્યા હતા. બીજીબાજુ, સરદારનગર પોલીસ એક વર્ષથી સગીરાના ગુમ થયાની જાણવાજોગ અંગે ઝીણવટભરી તપાસ ચલાવી રહી હતી ત્યારે આજે પોલીસના હાથે મહિલા આરોપી મીના લુહાર સહિતના ચાર આરોપીઓ હાથ લાગ્યા હતા. પોલીસે બાતમીના આધારે ચારેય આરોપીઓને ઝડપી લીધા હતા અને તેમની કડકાઈથી પૂછપરછમાં ઉપરોકત કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે ધરપકડ કરેલ ચાર આરોપીઓમાં બે મહિલાઓનો સમાવેશ થાય છે. સરદારનગર પોલીસે આરોપીઓ વિરૂધ્ધ અપહરણ, છેતરપીંડી, વિશ્વાસઘાત સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે સગીરાને વેચ્યા બાદ તેને કયાં કયાં રખાઈ, આ સમગ્ર કૌભાંડમાં અન્ય કોણ કોણ આરોપીઓ સંડોવાયેલા છે, આ સિવાય આરોપીઓએ આ પ્રકારે અન્ય કોઈ સગીરા કે બાળકીઓને વેચી મારી છે કે કેમ તે સહિતની બાબતોની તપાસ માટે આરોપીઓની કડક પૂછપરછ શરૂ કરી છે.

# રણબીર કપૂરને કારણે રણવીર અને દીપિકા વચ્ચે તિરાડ પડી

મુંબઈ,તા.૧૫

એક સમય હતો જયારે રણબીર કપૂર અને દીપિકા પાદુકોણ વચ્ચેનું અફેર અને રિલેશનશિપ ખબરોની ચર્ચા હતી. પરંતુ થોડા સમય બાદ બંને વચ્ચે અંતર વધી ગયું. હાલમાં જ ખબર મળી હતી કે રણબીર અને દીપિકા ૯ એપ્રિલે સાથે રેમ્પ વોક કરવાના છે. ઈન્ટરનેટ પર આ ખબરે ખૂબ જોર પકડ્યું.

દીપિકા અને રણબીરના ફેન્સ બંનેને લાંબા સમય પછી ફરી એકસાથે જોવા માટે ઘણા એક્સાઈટેડ હતા, તો આ ચર્ચાને કારણે દીપિકા પાદુકોણેના કથિત બોયફ્રેન્ડને ફરક પડવા લાગ્યો છે. ખબર છે કે, રણવીરને દીપિકા અને રણબીરને મળવાથી મુશ્કેલીઓ પડી રહી છે, જેના કારણે તે રિસાઈને બેઠો છે.

વાસ્તવમાં મનીષ મલ્હોત્રાના શબનાઝમી મિઝવાન ફેશન શો માટે રણબીર અને દીપિકા રેમ્પ વૉક કરવાના હતા અને આ અંગે રણવીરને કોઈ જાણકારી નહોતી કે દીપિકા અને રણબીર રેમ્પવૉકમાં સાથે દેખાવાના છે. રણવીર સિંહને આ અંગે સોશ્યલ મીડિયા પરથી ખબર પડી હતી. આ બાદ રણવીરે દીપિકા સાથે આ વિશે વાત પણ ન કરી. જ્યારે દીપિકાએ પહેલાથી જ શો માટેની ડેટ્સ ફિક્સ કરીને રાખી હતી. પરંતુ દીપિકાએ રણવીરની નારાજગીને હલકામાં નથી લીધી. આ બાદ મળેલી ખબર મુજબ રણબીરને ટાઈફોઈડ થઈ ગયો હતો. તો દીપિકા પણ બેક પેઈનના કારણે શોમાં ભાગ ન લઈ શકી. આ કારણે શો કેન્સલ થઈ ગયો. હવે ખબર મળી રહી છે કે રણબીર જલ્દી ઠીક થઈ રહ્યો છે અને રિકવરી કરી રહ્યો છે. આ બાદ રણબીર અને દીપિકા સાથે રેમ્પ વોક કરવા માટે તૈયાર હશે.

# એક રાષ્ટ્ર,એક ચૂંટણીઃ મોદી સરકારની મથામણ શરૂ,લો કમિશનને કરાઈ રજૂઆત

નવીદિલ્હી, તા.૧૫

આગામી વર્ષે લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે યોજાય એવી ઈચ્છા સરકારની છે.

સરકારી સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, કેદ્ર સરકાર આ બાબતે ઈલેકશન કમિશનની સલાહ લેશે. લૉ કમિશન દ્વારા એક મહત્વનો રિપોર્ટ સોંપાયા બાદ ચૂંટણી પંચની સલાહ લેવાશે. જો આમ થાય તો દેશની મૂડીમાં બચત થશે અને રાજકીય પાર્ટીઓના ખર્ચ પર લગામ લાગશે.

એવું પણ માનવામાં આવી રહ્યું છે કે, લૉ કમિશન ૨૦૧૯ અને ૨૦૨૪માં બે ચરણમાં એકસાથે ચૂંટણી કરાવવાની ભલામણ કરી શકે છે. લૉ કમિશન આ મહિનાના અંતમાં કાયદા મંત્રાલયને પોતાનો રિપોર્ટ સોંપી શકે છે.

સુત્રોના જણાવ્યા અનુસાર, સરકાર ઈચ્છે છે કે, ચૂંટણી પંચ આવતા મહિના સુધીમાં પોતાનું સૂચન રજૂ કરે. જેથી આ મુદ્દે ચોક્કસ પગલાં લેવામાં આવે. સરકારનું એક રાષ્ટ્ર એક ચૂંટણીની સંકલ્પનાને આકાર આપવા લૉ કમિશનના આંતરિક કાર્યપત્રમાં ભલામણ કરવામાં આવી કે ૨૦૧૯થી બે ચરણમાં લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણી એક સાથે કરવામાં આવે.

આ દસ્તાવેજમાં કહેવામાં આવ્યું છે કે, એક સાથે ચૂંટણી કરવાનું બીજા ચરણ એટલે કે ૨૦૨૪માં થઈ શકે છે. દસ્તાવેજમાં બંધારણ અને લોકપ્રતિનિધિત્વ કાયદામાં સુધારો કરવાની પણ દરખાસ્ત કરવામાં આવી છે. જેથી આ પગલાં ને અમલમાં મૂકવા રાજ્ય વિધાનસભા ઓ નો કાર્યકાળ ઓછો કે વધારવામાં આવે. એક સંસદીય સમિતી અને એક નીતિ આયોગની ભલામણ અનુસાર જ સુધારો કરવાનો પ્રસ્તાવ છે.